# Surat Municipal Corporation

## e-Magazine

Issue 40
Feb. 24, 2006


### સુમન હાઈસ્કુલોનો પાંચમો આંતરશાળા રમતોત્સવ




સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો પાંચમો આંતરશાળા રમતોત્સવ તા.૧૭–૦૨–૨૦૦૬ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.ડેપ્યુટી મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલના વરદ્ હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીતએ આવકાર પ્રવચનમાં સુમન હાઈસ્કૂલો વિશે વિસ્તૃત માહિતી આપી બાળકોને રમતગમતની સાથે શિક્ષણ ક્ષેત્રે પણ આગેકૂચ કરવા જણાવ્યું....

વધુ માટે કલીક કરો >>>>>>

### વિભાગીય નાટય સ્પર્ધાનું આયોજન



ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગુજરાત રાજય, ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સરદાર સ્મૃતિ ભવન ખાતે તા. ૨૦–૨–૨૦૦૬ થી તા. ૨૪–૨–૨૦૦૬ના દિવસો દરમ્યાન વિભાગીય નાટય સ્પર્ધા ૨૦૦૫–૦૬નું આયોજન કરવામાં આવ્યું છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### રંગઉપવનને "ચં. ચી. મહેતા નાટયગૃહ" ની નામકરણવિધિ



સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નિર્મિત રંગઉપવનને "ચં. ચી. મહેતા નાટયગૃહ" નામકરણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તેમજ શ્રી યઝદીભાઈ કરંજીયા, નાટયવિદ, પ્રો. માર્કંડ ભટ્ટ, માજી ડીન, એમ. એસ. યુનિવર્સિટી ના મુખ્ય મહેમાનપદે સંપન્ન થયેલ તેમજ સુગમ સંગીત "સ્વરોત્સવવૃંદ" કાર્યક્રમનું આયોજન રંગઉપવન, મકકાઈપુલ પાસે, નાનપુરા, સુરત ખાતે તા. ૨૧–૦૨–૨૦૦૬ ને મંગળવારનાં રોજ સાંજે ૦૬.૩૦ કલાકે કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુમન હાઈસ્કુલોનો પાંચમો આંતરશાળા રમતોત્સવ




સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલોનો પાંચમો આંતરશાળા રમતોત્સવ તા.૧૭–૦૨–૨૦૦૬ ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ ખાતે યોજવામાં આવ્યો. આ રમતોત્સવ માન.ડેપ્યુટી મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલના વરદ્ હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો. રમતોત્સવની શરૂઆતમાં ડેપ્યુટી કમિશનર (પ. અને ઈ.) શ્રી સી. જે. ગામીતએ આવકાર પ્રવચનમાં સુમન હાઈસ્કૂલો વિશે વિસ્તૃત માહિતી આપી બાળકોને રમતગમતની સાથે શિક્ષણ ક્ષેત્રે પણ આગેકૂચ કરવા જણાવ્યું. આ રમતોત્સવ પ્રસંગે શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતી અસ્મીતાબેન શીરોયા, વેસ્ટઝોન વિસ્તારનાં મ્યુનિ.સભ્યશ્રી કુ.પારૂલબેન ભારતી, શ્રીમતિ રાજુલબેન એ.દેસાઈ તેમજ શ્રી જીગીશભાઈ દવે તથા વેસ્ટઝોનના ઝોનલ ઓફિસરશ્રી વિગેરે હાજર રહયા હતા. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધનમાં સૌ પ્રથમ શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈએ ન.પ્રા.શિ.સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ગરીબ અને મધ્યમ વર્ગનાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે અને બાળમજુરી તરફ ન વળે તેવા શુભ આશયથી સુરત મહાનગરપાલિકા માધ્યમિક શિક્ષણ આપવાની ફરજ ન હોવા છતાં માધ્યમિક શિક્ષણ આપવાની જવાબદારી નિભાવી રહેલ છે. તેઓએ જણાવ્યું હતું કે, કુલ–૯ સુમન હાઈસ્કૂલોમાં શિક્ષણનું સ્તર ઘણું ઉંચુ જોવા મળે છે. તેમજ ધોરણ–૧૦ નું છેલ્લાં વર્ષનું પરિણામ શહેરની નામાંકિત સ્કૂલોની સરખામણીમાં ખૂબ જ સારૂં અને સંતોષકારક છે. તેમજ તેઓએ સુમન હાઈસ્કૂલોનાં વિદ્યાર્થીઓએ રાજયકક્ષાએ તથા રાષ્ટ્રિય કક્ષાએ મેળવેલ સિધ્ધિની પ્રશંસા કરી તેઓ હજુ પણ આગળ પ્રગતિ કરી સુરત મહાનગરપાલિકાનું નામ રોશન કરે તેવી અપીલ કરી હતી. તે જ પ્રમાણે માન.ડેપ્યુટી મેયર શ્રીમતિ ડો.સુષ્માબેન અગ્રવાલે પણ શાસકપક્ષના નેતાના સૂરમાં સૂર પુરાવી જણાવ્યું હતું કે, સુમન હાઈસ્કૂલનાં ધોરણ–૧૦ નું પરિણામ ઘણું જ સારૂં છે.તે જ પ્રમાણે ધોરણ–૮ અને ૯ નું પરિણામ પણ ઉંચુ આવે તેવા પ્રયત્નો કરવા શિક્ષકોને ખાસ અનુરોધ કર્યો હતો. તેઓએ શિક્ષણની સાથે સાથે રમતગમતમાં પણ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ થઈ રાષ્ટ્રિય કક્ષાએ તથા આંતર રાષ્ટ્રિય કક્ષાએ પહોંચે તેવી શુભેચ્છા પાઠવી બાળકોને શિક્ષણ તથા રમતગમત સાથે શિસ્ત માટે પણ ભાર મૂકયો હતો. સ્વાગત વિધિ બાદ આભારવિધિ સુમન હાઈસ્કૂલ સેલના નિયામક શ્રી પ્રદીપ શુકલએ કરી હતી.

આ આંતર રમતોત્સવમાં ભાઈઓ તથા બહેનોની ૧૦૦,૨૦૦ મીટર દોડ લાંબીકૂદ, ચક્રફેંક, કબડ્ડી, ખો–ખો, વોલીબોલ તથા બરછી ફેંક વિગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બનનાર તમામ સ્પર્ધકોને તથા રાજય, રાષ્ટ્રિય કક્ષાએ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ સુમન હાઈસ્કૂલોનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી/રોકડ ઈનામો એનાયત કરવામાં આવેલ. વિજેતા થયેલ વિદ્યાર્થીઓ તથા સુમન હાઈસ્કૂલોનાં નામોનું લીસ્ટ આ સાથે સામેલ છે.

આંતરશાળા રમતોત્સવ દરમ્યાન બ્રાઈટલેન્ડ વિદ્યાલયના શિક્ષક શ્રી અનિલભાઈ ટંડેલ, શ્રી ગૌતમભાઈ પટેલ, વનિતા વિશ્રામ ગર્લ્સ હાઈસ્કુલનાં શિક્ષિકા શ્રી લતાબેન પટેલ તેમજ સરસ્વતી વિદ્યાલયનાં શિક્ષિકા શ્રીમતિ ચેતનાબેન કેપ્ટન એ નિર્ણાયક તરીકે તથા એનાઉન્સર તરીકે સેનેટરી ઈન્સ્પેકટર શ્રી મોહમદ ઈકબાલ શેખે સેવા આપી હતી.

સમગ્ર આંતર રમતોત્સવ સ્પર્ધાનું આયોજન સુમન હાઈસ્કુલ સેલ તરફથી કરવામાં આવેલ હતું.



સુરત મહાનગરપાલિકા સંચાલિત
સુમન હાઈસ્કૂલ સેલ યોજીત પાંચમો વાર્ષિક રમતોત્સવ–૨૦૦૫–૦૬

| વિજેતાઓની યાદી : તા.૧૭/૦૨/૨૦૦૬ | | | | |
|---|---|---|---|---|
| અ.નં. | રમતનું નામ | વિજેતાનું નામ | હાઈસ્કૂલનું નામ | મેળવેલ ક્રમ |
| ૧ | ૧૦૦ મીટરદોડ(ભાઈઓ) | વસાવા રૂતેશકુમાર આઈ. | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | પટેલ કાર્તિકકુમાર જે. | સુમન હાઈસ્કુલ નં.૩ | બીજો |
| ૨ | ૧૦૦ મીટર દોડ(બહેનો) | ઘોડાદરા સોનલ | સુમન હાઈસ્કુલ નં.૩ | પ્રથમ |
| | –"– | બિરાડે અનિતા એમ. | સુમન હાઈસ્કુલ નં.૧ | બીજો |
| ૩ | ૨૦૦મીટરદોડ(ભાઈઓ) | વસાવા રૂતેશકુમાર આઈ. | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | પારેખ જોનીકુમાર પી. | સુમન હાઈસ્કુલ નં.૩ | બીજો |
| ૪ | ૨૦૦ મીટર દોડ(બહેનો) | ઘોડાદરા સોનલ | સુમન હાઈસ્કુલ નં.૩ | પ્રથમ |
| | –"– | પાટીલ યોગીતા જી. | સુમન હાઈસ્કુલ નં.૫ | બીજો |
| ૫ | લાંબી કૂદ (ભાઈઓ) | વસાવા રૂતેશકુમાર આઈ. | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | બોરસે યોગેશકુમાર વી. | સુમન હાઈસ્કુલ નં.૫ | બીજો |
| ૬ | લાંબી કૂદ (બહેનો) | પાટીલ યોગીતા જી. | સુમન હાઈસ્કુલ નં.૫ | પ્રથમ |
| | –"– | સોનાર જયોત્સના | સુમન હાઈસ્કુલ નં.૮ | બીજો |
| ૭ | ગોળા ફેંક (ભાઈઓ) | પટેલ રૂપેશકુમાર એન. | સુમન હાઈસ્કુલ નં.૪ | પ્રથમ |
| | –"– | કાનાણી નિરેનકુમાર ડી. | સુમન હાઈસ્કુલ નં.૨ | બીજો |
| ૮ | ગોળા ફેંક (બહેનો) | પટેલ સરોજકુમારી એસ. | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | ગઢિયા મનિષાબેન | સુમન હાઈસ્કુલ નં.૩ | બીજો |
| ૯ | ચક્ર ફેંક (ભાઈઓ) | પટેલ રૂપેશકુમાર એન. | સુમન હાઈસ્કુલ નં.૪ | પ્રથમ |
| | –"– | કાનાણી નિરેનકુમાર ડી. | સુમન હાઈસ્કુલ નં.૨ | બીજો |
| ૧૦ | ચક્ર ફેંક (બહેનો) | પટેલ સરોજકુમારી એસ. | સુમન હાઈસ્કુલ નં.૧ | પ્રથમ |
| | –"– | ગઢિયા મનિષાબેન | સુમન હાઈસ્કુલ નં.૩ | બીજો |
| ૧૧ | બચ્છી ફેંક (ભાઈઓ) | પટેલ કાર્તિકકુમાર જે. | સુમન હાઈસ્કુલ નં.૩ | પ્રથમ |
| | –"– | રાખોલીયા અનિલકુમાર ડી. | સુમન હાઈસ્કુલ નં.૨ | બીજો |
| ૧૨ | કબડ્ડી (ભાઈઓ) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | ચેમ્પીયન |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૧ (ઉધના) | | રનર્સઅપ |
| ૧૩ | કબડ્ડી (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | ચેમ્પીયન |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૧ (ઉધના) | | રનર્સઅપ |
| ૧૪ | ખોખો (બહેનો) | સુમન હાઈસ્કુલ નં.૫(લિંબાયત) | | ચેમ્પીયન |
| | –"– | સુમન હાઈસ્કુલ નં.૩(કતારગામ) | | રનર્સઅપ |

ખો–ખો (ભાઈઓ)ની ફાઈનલ રમત સમાન ગુણાંકના કારણે ટાઈ થયેલ જેના કારણે નિર્ણય પેન્ડીંગ રાખેલ છે. વોલીબોલ(ભાઈઓ)ની રમત સમયના અભાવે રમાયેલ ન હોવાથી.રમત અનિર્ણીત રાખેલ છે.

| અ.નં. | શાળાનું નામ | શાળાએ મેળવેલ મેડલ | | કુલ |
|---|---|---|---|---|
| | | એથ્લેટીકસ | સામુહિક રમત | |
| (૧) | સુમન હાઈસ્કુલ નં.૧ | ૦૬ | ૦૨ | ૦૮ |
| (૨) | સુમન હાઈસ્કુલ નં. ૨ | ૦૩ | ૦૦ | ૦૩ |
| (૩) | સુમન હાઈસ્કુલ નં.૩ | ૦૭ | ૦૩ | ૧૦ |
| (૪) | સુમન હાઈસ્કુલ નં.૪ | ૦૨ | ૦૦ | ૦૨ |
| (૫) | સુમન હાઈસ્કુલ નં.૫ | ૦૩ | ૦૧ | ૦૪ |
| (૬) | સુમન હાઈસ્કુલ નં.૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| (૭) | સુમન હાઈસ્કુલ નં.૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| (૮) | સુમન હાઈસ્કુલ નં.૮ | ૦૧ | ૦૦ | ૦૧ |
| (૯) | સુમન હાઈસ્કુલ નં.૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | ૨૨ | ૦૬ | ૨૮ |

TOP

## વિભાગીય નાટય સ્પર્ધાનું આયોજન

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગુજરાત રાજય, ગાંધીનગર તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સરદાર સ્મૃતિ ભવન ખાતે તા. ૨૦–૨–૨૦૦૬ થી તા. ૨૪–૨–૨૦૦૬ના દિવસો દરમ્યાન વિભાગીય નાટય સ્પર્ધા ૨૦૦૫–૦૬નું આયોજન કરવામાં આવ્યું છે. મા. મેયર ડો. કનુભાઈ માવાણી, ડે.મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, અન્ય સદસ્યશ્રીઓ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ શ્રી વી. સી. વર્મા, નાટય સ્પર્ધાના નિર્ણાયકો સર્વ શ્રી અવંતીલાલ ચાવલા (વડોદરા), શ્રીમતિ અન્નપૂર્ણાબેન શુકલ (મુંબઈ) તથા શ્રી જયકર ધોળકીયા (જૂનાગઢ) વિગેરેએ દીપ પ્રાગટય કરી સ્પર્ધાને ખુલ્લી મૂકી હતી. સ્પર્ધાનું પ્રથમ નાટક એમ. સ્કવેર આર્ટસ, સુરતનું " મૃગને શોધ કસ્તુરીની " રજુ થયું હતું. આ સ્પર્ધામાં કુલ ૫ નાટકની રજુઆત થશે જે પૈકી ૪ નાટકો સુરતના અને એક નાટક અમદાવાદનું રજુ થશે. આ નાટય સ્પર્ધામાં બાકી રહેતા નીચે મુજબના નાટકો રજૂઆત પામશે.



| તારીખ | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૨૨–૨–૨૦૦૬ | એક છળ ઝળહળતું | રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત | મેહુલ શર્મા |
| ૨૩–૨–૨૦૦૬ | તાપ | આંગિકમ કલ્ચરલ ટ્રસ્ટ, અમદાવાદ | નૈષધ પુરાણી |
| ૨૪–૨–૨૦૦૬ | ટ્રીગર | સ્પર્શ સંસ્થા, સુરત | ધ્વનિલ પારેખ |

TOP

## રંગઉપવનને "ચં. ચી. મહેતા નાટયગૃહ" ની નામકરણવિધિ

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નિર્મિત રંગઉપવનને "ચં. ચી. મહેતા નાટયગૃહ" નામકરણવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તેમજ શ્રી યઝદીભાઈ કરંજીયા, નાટયવિદ, પ્રો. માર્કંડ ભટ્ટ, માજી ડીન, એમ. એસ. યુનિવર્સિટી ના મુખ્ય મહેમાનપદે સંપન્ન થયેલ તેમજ સુગમ સંગીત "સ્વરોત્સવવૃંદ" કાર્યક્રમનું આયોજન રંગઉપવન, મકકાઈપુલ પાસે, નાનપુરા, સુરત ખાતે તા. ૨૧–૦૨–૨૦૦૬ ને મંગળવારનાં રોજ સાંજે ૦૬.૩૦ કલાકે કરવામાં આવેલ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન નાટયવિદ્શ્રી યઝદીભાઈ કરંજીયાએ પ્રાંસગિક પ્રવચન કરતા જણાવ્યું હતું કે ૫૦ વર્ષ અગાઉ જયારે આ રંગઉપવનનું ઉદઘાટન ભારતના માજી વડા પ્રધાન સ્વ. શ્રી જવાહરલાલ નેહરૂએ કરેલ હતું ત્યારે હું અદાકાર તરીકે હાજર હતો યોગાનુયોગ આજે નામકરણવિધિમાં હું મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહયો તે આ નાટયગૃહની સફળતાને આભારી છે. ઘણાં સમયથી મનમાં એક ખ્વાહીશ હતી કે એકાદ નાટયગૃહને ચં.ચી.મહેતા ના નામ સાથે સાંકળી સુરત શહેર તેમનું ઋણ અદા કરે. આજે જયારે સુરત મહાનગરપાલિકાએ એ નાટયકારના મનની ઈચ્છા પૂર્ણ કરવા જાય છે ત્યારે સાચે જ આ શહેરની સંસ્કૃતિના પ્રતિનિધિઓને મારી સો સો સલામ છે. આ શહેરના કારભારીઓ આ શહેરના વિકાસની સાથો સાથે સાંસ્કૃતિક વારસો જાળવવામાં પણ પાછા પડતા નથી. આ પ્રસંગે તેઓએ સ્વ. ચં.ચી. મહેતા સાથે વિતાવેલ અનમોલ ક્ષણોને જીવંત કરી જણાવ્યું હતું કે, ચં.ચી.મહેતા ઘડીયાળના માણસ હતા. તેઓ માનતા કે મહત્વની વ્યકિત બનવું સારું છે પણ સારી વ્યકિત બનવી એ વધારે મહત્વનું છે. મા. મેયરશ્રીને ચં.ચી. કાકા સ્વર્ગમાંથી આશીર્વાદ આપતા હશે. આ પ્રસંગે શ્રી યઝદીભાઈ એ ચં.ચી.મહેતાની જીવનની ઝરમાર તેમની હાસ્ય શૈલીમાં રજુ કરી નગરજનોના દિલ જીતી લીધા હતા.





આ પ્રસંગે એમ. એસ. યુનિ. ના ભૂતપૂર્વ ડીન અને અદાકાર એવા શ્રી માર્કડ ભટ્ટે જણાવ્યું હતું કે જયારે ચં.ચી.મહેતા ની આ દુનિયામાંથી વિદાય થયા એ ક્ષણ નાટયજગત માટે નો બ્લેક આઉટ હતો. આ રંગઉપવન અને ચં.ચી.મહેતા સાથે તેમની અનેક સ્મૃતિઓ જોડાયેલી છે. સને ૧૯૫૯ થી સને ૧૯૯૧ સુધી આ રંગઉપવનમાં નવ નાટકો ભજવેલ છે. જેમાં સૌથી પહેલું નાટક ૧૯૫૯માં ચં.ચી.મહેતા નું (શેતલને કાંઠે રજુ કર્યુ હતું.) સુરતની પ્રજા માત્ર વિનોદવૃત્તિવાળા નાટકો જ પસંદ કરે છે તે વાત ખોટી છે તેઓ સારી કક્ષાના કલા રસીક નાટકોને પણ તેઓ યથાયોગ્ય ન્યાય આપવામાં પાછળ પડતા નથી. તેમણે સને ૧૯૯૧માં ચં.ચી.મહેતાનું નાટક "સીતા" રજુ કરેલ. તેમાં રાવણે સીતાનું હરણ કરેલ તે વખતનો પ્રસંગ રજુ કરી રામની મનોવ્યથાની દર્શકોને અનુભુતી કરાવી તેઓ પોતે પણ પાત્રમાં ખોવાઈ જઈ ભાવવિભોર થયેલ. સુરત એ કવિ નર્મદ થી લઈ શ્રી ભગવતીકુમાર શર્મા જેવા ઉચ્ચ કોટીના સાહિત્યકારોની કર્મભૂમી રહેલ છે. અંતમાં તેમણે મેયરશ્રી તથા સુરત મહાનગરપાલિકાનો આભાર માની સૂચન કરેલ હતું કે રંગઉપવનનું કરવામાં આવેલ નામકરણ "ચં.ચી.મહેતા" નું નામ ફકત સાહિત્ય જગત સાથે સંકળાયેલા લોકો જ ઓળખી શકે તેમ હોય તેમણે "પ્રો. ચંદ્રવદન મહેતા ઓડીટોરીયમ" આપવું જોઈએ જેથી આજનો યુવાવર્ગ પણ તેમને ઓળખી શકે. નાટયગૃહમાં બહારના અવાજોનું પ્રદુષણ ન આવે તે માટે નાટયગૃહની સામેની દીવાલ ઉંચી બનાવવા સૂચન કરી તેમનું વકતવ્ય પૂર્ણ કરેલ.

આ પ્રસંગે મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ રંગઉપવનને નવિનીકરણ કરી આધુનિક સુવિધાયુકત ૧૪૦૦ બેઠકો વાળું નાટયગૃહ તૈયાર કરી "ઓલ્ડ ને ગોલ્ડ" કરવાનું કામ કરેલ છે. આ કાર્યના ખરા હકકદારો અગાઉના શાસકો છે જેમના આગવા આયોજનના કારણે જ આ કાર્ય સંપન્ન થયેલ છે જેઓનો હું હદયપૂર્વક આભાર માનું છું. સુરત એ ઔદ્યોગીક નગર છે. અહિં ઉદ્યોગોની હારમાળા છે. તેવા સમયે તેઓની કલા સંતોષવાના ભાગરૂપે આવુ નાટયગૃહ પ્રજાને અર્પણ કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. ભૂતપૂર્વ ડીન અને અદાકાર એવા શ્રી માર્કડ ભટ્ટનું નાટયગૃહમાં બહારના અવાજોનું પ્રદુષણ ન આવે તે માટે નાટયગૃહની સામેની દીવાલ ઉંચી બનાવવાનું કરેલ સૂચનનો ત્વરીત અભિપ્રાય આપતા તેમણે સામેની દિવાલ ઉંચી લેવાનું કામ પૂર્ણ કરવાની આ તબકકે ખાતરી આપી હતી.

સ્વાગત પ્રવચન કરતા ડે. મેયરશ્રી એ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા તરફથી પ્રાથમિક માળખાગત સવલતો ઉભી કર્યા બાદ અન્ય સુવિધાઓ જેમાં માધ્યમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, સાહિત્ય કળા, નાટયકળા, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, આનંદ પ્રમોદ–મનોરંજનમાં પણ સામાન્ય પ્રજા સવિશેષ રૂચિ દાખવે તે માટેના પ્રયત્નો સુરત મહાનગરપાલિકાએ કર્યા છે.

સુરત મહાનગરપાલિકાએ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ ઉચ્ચ શિક્ષણ માટે મેડીકલ કોલેજ, લાયબ્રેરી–વાંચનાલય–નાટયગૃહો તેમજ સાંસ્કૃતિક વિકાસ માટેનાં પ્રયત્નો બાગ–બગીચા–પ્રાણી સંગ્રહાલય, સાયન્સ સેન્ટર, પ્લેનેટોરીયમ અને આર્ટ ગેલેરી જેવા પ્રકલ્પો જેવા અનેક પ્રકલ્પોનું આયોજન કર્યુ છે.

શહેરમાં હાલમાં ગાંધી સ્મૃતિ ભવન, ઈન્ડોર સ્ટેડીયમ, સુમન સાંસ્કૃતિક ભવન, સરદાર સ્મૃતિ ભવન મારફતે શહેરીજનોને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પીરસવામાં આવે છે. આજરોજ રંગઉપવનની નામરણવિધિ સંપન્ન થઈ છે. શહેરમાં રંગમંચની પ્રવૃત્તિ માટે શહેરનું સૌથી પહેલું નાટયગૃહ રંગઉપવનનું લોકાર્પણ તા. ૩૦મી ઓકટોબર ૧૯૫૫માં તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના  હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વંય વડાપ્રધાન ૫૦ વર્ષ પહેલા રંગઉપવનનું ઉદઘાટન કરવા આવ્યા હતા એ દર્શાવે છે કે સુરત મહાનગરપાલિકા અને કલા સંસ્કૃતિ માટે મહત્વની બાબત છે. યોગાનુયોગ આ વર્ષ રંગઉપવનની સ્થાપનાનું સુર્વણજયંતિ વર્ષ પણ છે. આ રંગઉપવનમાં શહેરની નાટયપ્રેમી પ્રજા રંગમંચના ખ્યાતનામ કલાકારો ધ્વારા રજુ કરેલ નાટકો, ડાયરો, સાંસ્કૃતિક કાર્યક્રમ, સુગમ સંગીત, મુશાયરો, હાસ્ય દરબાર જેવા કાર્યક્રમોનો લ્હાવો મેળવી રહી છે.

હાલમાં, આ રંગઉપવનને રિનોવેશન કરી નવું રૂપ આપવામાં આવેલ છે. જેની પાછળ અંદાજીત રૂા. ૪૪.૫૦ લાખ જેટલો ખર્ચ કરવામાં આવેલ છે. આ રંગઉપવનની ક્ષમત્તા ૧૪૦૦ પ્રેક્ષકોની છે. રંગઉપવનનું સ્ટેજ ૧૨૭.૪૦ ચો.મી. અને પ્રેક્ષાગારનું ક્ષેત્રફળ ૧૩૫૧.૮૪ ચો.મી.નું છે. સ્ટીલ તથા પ્લાસ્ટિકની ખુરશીઓ તેમજ જનરલ લાઈટની સુવિધાઓ આપવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા માટે એ આનંદસહ ગૌરવની બાબત છે કે નવા કલેવર ધારણ કરેલા આ રંગઉપવનને સુરતના સપુત, નામાંકિત સાહિત્યકાર, નાટયવિદ, નાટયલેખક અને સ્વંય કલાકાર એવા શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતા કે જેમને સાહિત્ય પરિષદ અને કલા એકેડમી ક્ષેત્રે તેમના નોંધપાત્ર પ્રદાન બદલ વિવિધ એવોર્ડથી પણ નવાજિત કરવામાં આવેલા. તેમના નામ સાથે આ ઐતિહાસિક રંગઉપવનને જોડવાનો નિર્ણય સુરત મહાનગરપાલિકાએ કરેલ છે. સુરત મહાનગરપાલિકા સુરત શહેરના લોકોને કલા અને નાટય કાર્યક્રમને ઉતેજન મળે તે હેતુથી અવારનવાર દર વર્ષે નાટય સ્પર્ધાઓ યોજી ઈનામો આપી નાટય સંસ્થાઓને પ્રોત્સાહન પુરૂ પાડે છે. ઉપરાંત શાળાઓ, કોલેજો, નાટયસંસ્થાઓ ધ્વારા અવારનવાર જુદા–જુદા કાર્યક્રમો યોજી કલા સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનો હકારાત્મક અભિગમ રહયો છે. કદાચ સુરત મહાનગરપાલિકા માત્ર રાજયમાં  જ નહીં પરંતુ રાષ્ટ્ર કક્ષાએ પણ કલાની અભિરૂચિને પ્રોત્સાહિત કરવામાં અગ્રેસર રહેલ છે. અત્યાર સુધી રંગઉપવનમાં ચોમાસા સિવાય જુદા–જુદા કાર્યક્રમો યોજી શકાતા હતા. હવે પછી વર્ષ દરમ્યાન તમામ સીઝનમાં કાર્યક્રમો યોજી શકાશે. તેનો શહેરના કલા પ્રેમી લોકો, કલાકાર, કસ્બીઓ, નાટયવિદો મહત્તમ લાભ લેશે અને આજનું યુવાધન એવા આવતી કાલના ભાવિ નાગરિકોને કલાક્ષેત્રે વિકાસની નવી રાહ ચીંધશે એવી આશા વ્યકત કરી હતી.

જાહેર બાંધકામ  સમિતિના અધ્યક્ષ શ્રી રાજુભાઈ દેસાઈએ  મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આભારવિધિ બાદ મેહુલ સુરતી ગૃપ ધ્વારા ''સ્વરોત્સવ વૃદં'' નો સુંદર ગુજરાતી સુગમ સંગીતનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. જેનું સંચાલન ડો.રઈશ મણીયાર તેમજ ડો.મુકુલ ચોકસીએ કર્યું હતું. મુખ્ય મહેમાન શ્રી ભૂતપૂર્વ ડીન અને અદાકાર એવા શ્રી માર્કંડ ભટ્ટ, નાટયવિદ શ્રી યઝદીભાઈ કરંજીયા, આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, કમિશનરશ્રી પંકજ જોષી, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા,  વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.

TOP